# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, ભારતે આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરીને પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બિકાનેર ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસકાર્યો દેશને સમર્પિત કર્યા
3) સર્વોચ્ચ અદાલતે આજે વક્ફ સુધારા અધિનિયમ 2025ને પડકારતી અરજી પર પોતાનો વચગાળાનો આદેશ અનામત રાખ્યો
4) કેન્દ્ર સરકારે દિવ્યાંગોને કેન્દ્ર સરકારના આવાસની ફાળવણીમાં ચાર ટકા અનામતની જાહેરાત કરી
5) IPLમાં આજે લખનઉ સુપર જાયન્ટસ સામે ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM PAKISTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરીને પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે સશસ્ત્ર દળોને કાર્યવાહી કરવાની છૂટ આપી છે, જેના કારણે ત્રણેય સેનાઓએ પાકિસ્તાનને ઘૂંટણિયે પાડ્યું. શ્રી મોદીએ રાજસ્થાનના બિકાનેરમાં એક જાહેરસભા સંબોધતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી) 1305--PM-ON-SINDOOR--CUT-1

શ્રી મોદીએ કહ્યું કે, પાકિસ્તાનને ભારતનું પાણી નહીં મળે, ભારતીયોના લોહી સાથે રમવા માટે તેને ભારે કિંમત ચૂકવવી પડશે. શ્રી મોદીએ ઉમેર્યું કે પાકિસ્તાન સાથે ન તો વેપાર થશે કે ન તો વાતચીત થશે અને વાતચીત ફક્ત પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર પર જ થશે.

(બાઇટ: નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી) 1415--PM—POK

# PM AMRIT STATIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બિકાનેરના પલાણા ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસકાર્યો દેશને સમર્પિત કર્યાં. આ પ્રસંગે, શ્રી મોદીએ 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 86 જિલ્લાઓના 103 પુનઃવિકસિત અમૃત ભારત રેલવે મથકોનું ઉદ્ઘાટન કર્યું. તેમણે બિકાનેર-મુંબઈ એક્સપ્રેસ ટ્રેનને પણ લીલી ઝંડી આપી. આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું કે, દરેક અમૃત ભારત રેલવે મથકો પર લોકોને ભારતના હજારો વર્ષો જૂના વારસાના દર્શન થશે.

(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી 1600--PM-AMRIT-STATION)

# MEA BRIEFING

ભારતે આજે પોતાના વલણનો પુનરોચ્ચાર કર્યો કે ભારત-પાકિસ્તાન વચ્ચે કોઈપણ વાતચીત દ્વિપક્ષીય હોવી જોઈએ. આજે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે વાતચીત અને આતંકવાદ એકસાથે ચાલી શકે નહીં. તેમણે ઉમેર્યું કે નવી દિલ્હી કેટલાક વર્ષો પહેલા પાકિસ્તાનને જેમની યાદી પૂરી પાડવામાં આવી હતી તેવા આતંકવાદીઓને ભારતને સોંપવા અંગે ચર્ચા કરવા માટે તૈયાર છે. તેમણે ભાર મૂક્યો કે જમ્મુ અને કાશ્મીર પર કોઈપણ દ્વિપક્ષીય ચર્ચા ફક્ત પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા ભારતીય પ્રદેશ અંગે જ થશે.

**(બાઇટ: રણધીર જયસ્વાલ પ્રવક્તા વિદેશ મંત્રાલય )**

# JAISHANKAR-NETHERLAND

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા અંગે ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધી વાટાઘાટો થઈ હતી. નેધરલેન્ડ સ્થિત એક પ્રસારણકર્તા સાથેની મુલાકાતમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ તેમની સાથે વાત કરી હતી જ્યારે ઉપ રાષ્ટ્રપ્રમુખ જેડી વાન્સે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાત કરીને ભાર મૂક્યો હતો કે બે દેશો વચ્ચેના સંઘર્ષ વચ્ચે દેશો ફોન કરે તે સ્વાભાવિક છે.

શ્રી જયશંકરે અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં ઇઝરાયલી રાજદ્વારીઓની હત્યાની આકરી ટીકા કરી છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવા જ જોઈએ. તેમણે શોકગ્રસ્ત પરિવારો અને સાથીદારો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી.

# SC-WAQF

સર્વોચ્ચ અદાલતે આજે વક્ફ સુધારા અધિનિયમ 2025 ને પડકારતી અરજી પર પોતાનો વચગાળાનો આદેશ અનામત રાખ્યો. મુખ્ય ન્યાયમૂર્તિ બીઆર ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ત્રણ દિવસ સુધી વચગાળાના આદેશના મુદ્દા પર આ મામલાની સુનાવણી કરી. દલીલો દરમિયાન, મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે વક્ફની નોંધણીની જરૂરિયાત વર્ષ 1923 અને 1954 ના અગાઉના કાયદાઓ હેઠળ રહી છે. અરજદારોએ મંગળવારે તેમની દલીલો શરૂ કરી હતી, જે પછી ગઈકાલે અને આજે કેન્દ્ર સરકારની દલીલો રજૂ કરવામાં આવી હતી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કેન્દ્રનું પ્રતિનિધિત્વ કર્યું, લગભગ સતત ત્રણ દિવસ સુધી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની સંમતિ મળ્યા બાદ કેન્દ્રએ ગયા મહિને વક્ફ સુધારા અધિનિયમ, 2025 ને સૂચિત કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PWD HOUSING RESERVATION

કેન્દ્ર સરકારે આજે દિવ્યાંગ વ્યક્તિઓને કેન્દ્ર સરકારના આવાસની ફાળવણીમાં ચાર ટકા અનામતની જાહેરાત કરી છે, જે જાહેર સેવાઓમાં સમાનતા, ગૌરવ અને સુલભતા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી મનોહર લાલ દ્વારા સમાવિષ્ટ વિકાસ તરફના પગલામાં આ સીમાચિહ્નરૂપ પગલું લેવામાં આવ્યું છે. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં માહિતી આપી કે તેમણે દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેન્દ્ર સરકારના રહેણાંક આવાસની વાજબી પહોંચ સુનિશ્ચિત કરવા માટે એક કચેરી યાદી જાહેર કરી છે. તેમાં ઉમેર્યું હતું કે આ પહેલ દરેક નાગરિકના સશક્તિકરણ પ્રત્યે સરકારના સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

# GOA-VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે પુરાવા આધારિત માન્યતા, ડિજિટાઇઝેશન, અનુવાદ અને આંતરશાખાકીય અભ્યાસો દ્વારા ભારતની પ્રાચીન જ્ઞાન પ્રણાલીઓને પુનર્જીવિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો. ગોવામાં રાજભવન ખાતે ચરક અને સુશ્રુતની પ્રતિમાઓનું અનાવરણ કર્યા બાદ તેમણે પરંપરાગત ગ્રંથોને સમકાલીન પડકારો માટે સુલભ અને સુસંગત બનાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો.

# GOA-JITENDRA SINGH

ભારતના વૈજ્ઞાનિક વિકાસ માટે એક મોટા પગલામાં, કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ગોવાના ધ્રુવીય અને મહાસાગર સંશોધન માટેનાં રાષ્ટ્રીય કેન્દ્ર ખાતે ધ્રુવીય ભવન અને સાગર ભવનનું ઉદ્ઘાટન કર્યું. 55 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ અત્યાધુનિક કેન્દ્રોમાં વિશ્વ કક્ષાના આઇસ કોર લેબનો સમાવેશ થાય છે અને તે વૈશ્વિક સ્તરે પ્રથમ છે. શ્રી સિંહે બ્લુ ઇકોનોમી અને ડીપ ઓશન મિશનમાં ભારતના નેતૃત્વ પર પ્રકાશ પાડતા, આબોહવા વિજ્ઞાન અને સમુદ્ર ભૂરાજનીતિમાં તેમની વ્યૂહાત્મક ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે ધ્રુવીય પ્રદેશોના વૈશ્વિક રક્ષક તરીકે ભારતની જવાબદારી સુનિશ્ચિત કરી. વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત માટેના વિઝનનો ઉલ્લેખ કરતા, શ્રી સિંહે આ પ્રક્ષેપણને વૈશ્વિક વૈજ્ઞાનિક અને ભૂરાજકીય મહત્વ તરફનું એક સીમાચિહ્નરૂપ ગણાવ્યું.

# J&K-ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરમાં આજે સવારે કિશ્તવાડ જિલ્લાના સિંઘપોરા ચત્રુના જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, ચોક્કસ માહિતી પર શારી અને મંડરાલ ધોક વિસ્તાર વચ્ચેના જંગલ વિસ્તારમાં પોલીસ અને સેનાની સંયુક્ત ટીમે શોધખોળ અભિયાન શરૂ કર્યા પછી આતંકવાદીઓ સાથે સંપર્ક સ્થાપિત થયો હતો. અથડામણમાં સેનાનો એક શહીદ થયો. બે થી ત્રણ આતંકવાદીઓ જંગલમાં ફસાયેલા હોવાનું અનુમાન છે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ IPL ટી-20 ક્રિકેટમાં અમદાવાદમાં આજે ગુજરાત ટાઈટન્સ અને લખનઉ સુપર જાયન્ટસ વચ્ચે મેચ રમાઈ રહી છે. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે લખનઉ સુપર જાયન્ટસના 4 ઓવરમાં વિના વિકેટે ૩૩ રન થયા છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. આવતીકાલ સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.